# શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર વરસાદથી ખાડા પડતા અકસ્માત ઝોનમાં ફરવાયો

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી-સાબરકાંઠામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં-૮ પર દર વર્ષેની જેમ ચાલુ સાલે પણ વરસાદ શરૂ થતાની સાથે જ હિંમતનગરથી શામળાજી રોડ પર ઠેર- ઠેર ખાડા પડી જતા અને જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય મરામત ના થતા છાસવારે અકસ્માતની ઘટનાઓ બની રહેતા નિર્દોષ વાહનચાલકોને જીવ ગુમાવવાનો વારો આવે છે. ગાભોઈ નજીક લકસરી-બસ પલટી જવાની ગોજારી ઘટનાને ૨૪ કલાકનો સમય થયો નથી ત્યાં રવિવારે રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા સહયોગ કુષ્ઠ-રોગ આશ્રમ નજીક સવારે હિંમતનગરથી રાજસ્થાન તરફ જતો ટ્રક-કન્ટેનર રોડ પર રહેલા ખાડામાં પડતા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડિવાયડર તોડી બીજા માર્ગ પર ધસી ગયો હતો સદ્નસીબે બંને રોડ બાજુથી વાહનો પસાર થતા ના હોવાથી જાનહાની ટળી હતી.




તેનાથી ૫૦ મીટર દૂર અન્ય સેન્ટ્રો કારને બોલેરો જીપ ગાડીએ રીવર્શમાં અથડાવતાં કારના આગળના ભાગનો ભુક્કો બોલાયી ગયો હતો. બંને અકસ્માતમાં સદ્નસીબે જાનહાની ટળી હતી. હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં-૮ પર પડેલા ખાડા જવાબદાર તંત્ર અને હાઈવે ઓથોરિટી તંત્ર સમારકામ કરી રોડ રીસર્ફેશ કરવા માટે વાહનચાલકો અને બંને જિલ્લાના પ્રજાજનોની માંગ પ્રબળ બની છે. અસહ્ય ટોલ ટેક્સ વાહનચાલકો પાસેથી ઉઘરાવા છતાં રોડની હાલતમાં સુધારો ના થતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે.

## ઉનાવા ગામે તસ્કરોનો તરખાટ

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના ઉનાવા ગામે રાત્રિના સમયે આઝાદ ચોકમાં આવેલ દવાની દૂકાન, પાનબીડીનો ગલ્લો અને દવાખાનાને તસ્કરોએ નિશાન બનાવી શટર તોડી અંદરથી રોકડ રકમ સહિત અન્ય વસ્તુઓની ચોરી કરી હોવાનો બનાવ બનતાં ગ્રામજનોમાં ભયની લાગણી ફેલાઈ છે. ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે આઝાદચોકમાં આવેલ દવાની દૂકાન, પાનબીડીના ગલ્લા તથા દવાખાનાને તસ્કરોએ રાતના સમયે નિશાન બનાવ્યા હતા. તસ્કરોએ દૂકાનોના શટર તોડી નાંખ્યા હતા અને અંદર પ્રવેશ રોકડ રકમ તેમજ અન્ય કેટલીક વસ્તુઓની ચોરી કરી હતી. તસ્કરોએ નજીકમાં જ આવેલ દવાખાનાના દરવાજાનુ તાળુ તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન પાનબીડીના ગલ્લાવાળી દૂકાનમાં સી.સી. ટી.વી. કેમેરા હોઈ આમાં એક તસ્કર કેદ થઈ ગયો હોવાનું જાણવા મળેલ છે.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાં ફસાયેલા ત્રણને બચાવી લેવાયા

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્માની હરણાવ નદી ઉપર પૂલની કામગીરી ચાલુ છે ત્યારે કામ અર્થે એક જેસીબી તથા એક ટ્રક નદીમાં પાર્ક કરેલા હતા. વરસાદી માહોલને લઈ કોન્ટ્રાક્ટરના ત્રણ માણસો આ બંને સાધન બહાર કાઢવા નદીના પટમાં ગયા હતા પણ અચાનક નદીમાં પાણી આવી જતાં તેઓ ફસાઈ ગયા હતા. મોડી રાત્રી સુધી તંત્ર દ્વારા બચાવ કામગીરી ચલાવી ફસાયેલા ત્રણેય વ્યક્તિઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારે તંત્રએ હાસકારાનો દમ લીધો હતો.

ખેડબ્રહ્માની હરણાવ નદી ઉપર નવીન પૂલનુ કામ પ્રગતિમાં છે ત્યારે કામ અર્થે કોન્ટ્રાક્ટરનુ એક જેસીબી તથા એક ટ્રક નદીમાં પાર્ક કરેલા હતા. વરસાદી માહોલ વચ્ચે નદીમાં પાણી આવવાની શક્યતાને લઈ કોન્ટ્રાક્ટરના ત્રણ માણસો સંજય ભગીરથ યાદવ ઉં.વ. ૩૫ રે. બિહાર જેસીબી ડ્રાઈવર, પ્રતિક વીરસંગભાઈ પટેલ ઉં.વ. ૨૩ રે. ખોદીસણા-ખેરાલુ ટ્રક ડ્રાઈવર, શાલીન ભાનુભાઈ પટેલ ઉં.વ. ૨૨,



રહે. મક્તુપુર, ઊંઝા સુપરવાઈઝર, આ બંને સાધન બહાર કાઢવા નદીના પટમાં ગયા હતા, ત્યારે નદીમાં અચાનક પાણી આવી જતાં ત્રણેય જણા ફસાઈ ગયા હતા. નદીમાં ત્રણ વ્યક્તિ ફસાઈ જવાના સમાચાર તંત્રને મળતા તંત્ર દોડતુ થયુ હતુ. પ્રાંત અધિકારી વિશાલ સકસેના- મામલતદાર, અસારી ના. મામલતદાર, હર્ષ પરમાર તથા ડીઝાસ્ટર કર્મચારી નરેશ ડોડીયા સ્થળ ઉપર દોડી આવી ઈડરના ફાયર ફાઈટરના નવ માણસોને બોલાવવામાં આવ્યા હતા અને રાત્રીના એક વાગ્યા સુધી બચાવ કામગીરી ચલાવી ત્રણે વ્યક્તિઓને હેમખેમ બચાવી લેવામાં આવ્યા હતા. ત્રણેને બચાવી લેવામાં આવતા તંત્રનો જીવ હેઠે બેઠો હતો. આ બચાવ કામગીરી જોવા મોડી રાત્રી સુધી શહેરના લોકો જાગતા રહ્યા હતા.



લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા નગરપાલિકા ટાઉનહોલ ખાતે અમરનાથયાત્રામાં માર્યા ગયેલ ૭ શિવભક્તોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લાયન્સ પરિવારના તથા શહેરમાંથી મોટી સંખ્યામાં નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા અને મીણબત્તીઓ સળગાવી તથા સમૂહ શાંતિપાઠ કરીને સદ્ગતોના આત્માને ચિરશાંતી મળે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.



## અરવલ્લી જીલ્લામાં ત્રીજા દિવસે મેઘમહેર

ભિલોડા પંથકમાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધી ધીમી ધારે ઝરમરીયો વરસાદે ખેતીનો રૂઆબ બદલ્યો છે પણ ભિલોડા આજુ-બાજુના તળાવો, નદીઓ સુક્કી ભઠ્ઠ છે. જેથી પ્રજાજનો ચિંતીત બન્યા છે.મોડેમોડે મેઘરાજાએ કરેલી મહેરથી પ્રજાજનો મલકાયા હતા. સર્વત્ર સારા વરસાદથી ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. આજે ભિલોડામાં દોઢ ઈંચ વરસાદ પડતાં માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ભિલોડા મામલતદાર કચેરી ફલડ કંટ્રોલ વિભાગના જણાવ્યા મુજબ આજનો વરસાદ ૩૫ મી.મી. વરસાદ નોંધાયો છે.



## મોડાસામાં તિરૂપતિ બંગ્લોઝ-એસ.પી. કચેરી વચ્ચેની દીવાલ ધરાશાયી

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં મેઘરાજા મહેરબાન થતા છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદની હેલી જોવા મળી રહી છે. શનિવારે રાત્રે મોડાસામાં ભારે વરસાદના પગલે માલપુર રોડ પર આવેલી તાલુકા પંચાયત કચેરી સામે આવેલા તિરૂપતિ બંગ્લોઝ અને એસ.પી. કચેરી વચ્ચે આવેલી દીવાલ ધરાશાયી થતા ભારે અફડાતફડી મચી હતી. ધડાકાભેર અવાજ સાથે દીવાલ ધરાશાયી થતા તિરૂપતિ બંગ્લોઝના રહીશો ભરનિંદ્રામાંથી સફાળા જાગી ગયા હતા અને પોલીસતંત્ર પણ દોડી આવ્યું હતું. સદ્નસીબે રાત્રીનો સમય હોવાથી દીવાલ ધરાશાયી થતા જાનહાની ટળી હતી.

# ખેડબ્રહ્મામાં નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળની બેઠક

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના ઉપક્રમે નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળ વડોદરા-ગાંધીનગરની કારોબારી ટ્રસ્ટીઓની મીટીંગ રવિવારે કોલેજના સભાખંડમાં મળી હતી. મીટીંગની શરૂઆતમાં



કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના રજુ કરી હતી. ખેડબ્રહ્મા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કિર્તીકુમાર યુ. જોષીએ સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સભામાં ઉપસ્થિત સૌ મહેમાનોએ પોતાનો પરિચય આપ્યો હતો. મહામંડળના હોદેદારોનું કીર્તીકુમાર જોષી, નટવરભાઈ પટેલ તથા રમેશભાઈ જોષી દ્વારા પુસ્તક, શાલ અર્પણ કરી તથા ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સભામાં મહામંડળના પ્રમુખ સી.જે. રાણા - મંત્રી, પુંજાભાઈ એ. પટેલ - સહમંત્રી, ડી.બી. પાટીલ - ખજાનચી, અમીરૂદ્દીન એલ. સૈયદ તથા ખેડબ્રહ્મા કોલેજના મંત્રી જેઠાભાઈ કે. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન કોલેજના પ્રાધ્યાપક જે.એસ. રાઠવાએ કર્યું હતું.

## ઉંચીધનાલ સેવા મંડળીમાં હોદ્દેદારો ચૂંટાયા

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકાના





ઉંચીધનાલ ગામની ગૃપ સેવા સહકારી મંડળીની કારોબારીની મીટીંગ ૨૦-૭-૧૭ના રોજ મનુભાઈ તળશીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ જેમાં ચેરમેન તરીકે જશુભાઈ જગુભાઈ પટેલ તથા વા. ચેરમેન તરીકે દિનેશભાઈ કચરાલાલ જોષીની બિન હરીફ વરણી કરવામાં આવી. જેમને વ્ય. કમીટી સભ્યો અને સેક્રેટરી ભોગીલાલ ઉપાધ્યાય તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસા લાયન્સ ક્લબનો ઈન્ટરનેશનલ લાયન્સ ક્લબમાં ભારે દબદબો, ૫ એવોર્ડ્સ એનાયત

અરવલ્લી જિલ્લામાં અને મોડાસા પંથકમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ અને ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને મદદ માટે હંમેશા અગ્રેસર રહેતી લાયન્સ ક્લબ ઓફ મોડાસાની ટીમને અમદાવાદના પંડિત દિનદયાલ ઓડોટોરિયમ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ લાયન્સ ક્લબનો ભવ્ય એવોર્ડ નાઈટ સેરેમની સમારોહ યોજાયો હતો. જેમાં મોડાસા લાયન્સ ક્લબને સેવાકીય કાર્યો માટે ૫ એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં લાયન્સ ક્લબ મોડાસાના પ્રમુખ લા. મનુ ભાઈ પટેલ,ભાવેશ જયસ્વાલ, ડૉ. ટી.બી. પટેલ, કમલેશભાઈ પટેલ, પ્રવીણ પરમાર,



સુરેશ પટેલ ગિરીશ પટેલ, લાયોનેસ અન્નપૂર્ણાબેન, વનિતાબેન, હેમલત્તાબેન સહીત મોડાસા લાયન્સ ક્લબ સભ્યો ઉપસ્થિત રહી જિલ્લા અને મોડાસા પંથકમાં સતત સેવાકીય પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર વધારો કરવાનો અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા નીર્ધાર વ્યક્ત કર્યો હતો.

# બનાસકાંઠાના નાયબ ડીડીઓ એ.જે. દેસાઈને એસ.ડી.એમ. તરીકે પ્રમોશન

બનાસકાંઠા, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા અને તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ઈડર ખાતે નાયબ કલેક્ટર તરીકે નિયુક્ત થયેલ એ.જે. દેસાઈનો વિદાય સન્માન સમારોહ શનિવારે ડીસા માર્કેટયાર્ડ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

ચાણસ્મા તાલુકાના મીઠી ધારીયાલ ગામના અને બનાસકાંઠા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા અજીતભાઈ જે. દેસાઈને રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ (એસ.ડી.એમ.) નાયબ કલેક્ટર તરીકે ઈડર ખાતે બદલી સાથે બઢતી મળતાં તેમનો વિદાય સન્માન સમારોહ બનાસકાંઠા જિલ્લા રબારી સમાજ, માલધારી સમાજના સરપંચ-તલાટીઓ દ્વારા શનિવારે ડીસા માર્કેટયાર્ડ ખાતે બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને અને ગુજરાત ગોપાલક વિકાસ નિગમના પૂર્વ ચેરમેન ડૉ. સંજયભાઈ દેસાઈ, બનાસબેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના વાઈસ ચેરમેન ખેતાભાઈ કોલા, ડીસા તાલુકા સંઘના ચેરમેન ડી.કે. દેસાઈ, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ નાગજીભાઈ દેસાઈ, અમીરગઢ માર્કેટયાર્ડના ચેરમેન મોતીભાઈ દેસાઈ, જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી અમરતભાઈ દેસાઈ, ગોપાલસેનાના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, બનાસબેંકના ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા, જિલ્લા પંચાયત સદસ્ય ઓખાભાઈ દેસાઈ તેમજ તલાટી મંડળના રામભાઈ દેસાઈ (વાવ), વિજયભાઈ દેસાઈ (થરા) સહિત રબારી સમાજના આગેવાનો અને વડીલોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સન્માન સમારોહના અંતે વ્યવસ્થા અને ભોજન વ્યવસ્થા પુરી પાડવા બદલ રબારી સમાજ દ્વારા માવજીભાઈ દેસાઈનો આભાર માનવામાં આવ્યો હતો.

## ઘડીની મહિલાને સાપ કરડતા સારવાર હેઠળ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડી ખાતે એક મહિલાને ઝેરી સાપ કરડતાં સારવાર હેઠળ ખસેડવામાં આવી હતી. પ્રાંતિજના ઘડી ખાતે રહેતા રેખાબેન પુનમસિંહ પરમાર કે જેવોને ખેતરમાંથી ઝેરી સાપ કરડતાં તેવોને તાત્કાલિક હિંમતનગર ખાતે સારવાર અર્થે અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા

## ગણપત યુનિવર્સિટીના વિમેન ડેવલપમેન્ટ સેલનું આયોજન

# ઘર અને ઓફિસના કામ વચ્ચે સુખ-સંતુલન સાધવા અંગે ડૉ. દિપ્તી જોશીએ આપ્યું મૂલ્યવાન માર્ગદર્શન

ગણપતયુનિવર્સિટી, તા. ૨૩

'છેલ્લા વીસ વર્ષમાં મહિલાઓના જીવનમાં ખાસ્સુ પરિવર્તન આવ્યું છે, ખાસ કરીને કામ કરતી મહિલાઓ માટે. પત્નીની ઈચ્છા પતિને ગરમા-ગરમ રોટલી જમાડવાની હોય પણ પતિ જ સામેથી કહે, ના એવી જરૂર નથી, તારે તારી ઓફિસના સમયનું ધ્યાન રાખવું વધારે જરૂરી છે.' આ શબ્દો છે સુરતના સુપ્રતિષ્ઠિત મનોચિકિત્સક ડૉ. દિપ્તી જોશીના.

આજે સવારે ગણપત યુનિવર્સિટીના વિમેન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે યોજાયેલા 'સાઈક્લોજીકલ એડવાન્ટેજ ઓફ વર્ક-લાઈફ બેલેન્સ સ્પેશિયલી ફોર વિમેન' વિષય ઉપર યોજાયેલા બે કલાકના એક સેશનમાં ડૉ. દિપ્તી જોશીએ સંવાદને આગળ ધપાવતા એમ પણ કહ્યું હતું કે સ્ત્રી જ્યારે નોકરી કરવાનુ નક્કી કરે છે ત્યારે આપોઆપ જ એ 'ગૃહિણી' બની રહેવાના ગેરકાયદાઓને નિવારે છે અને 'કામકાજી મહિલા' બનવાના ફાયદાઓ મેળવે છે. અને પછી એ ઘર અને ઓફિસના કામ વચ્ચે સુખી જીવનની સમતુલા જાળવવા મથામણ કરે છે. પરંતુ વર્કિંગ વિમેનની ગમે તેવી કોશિશ છતાં શ્રેષ્ઠ સંતુલન ક્યારેય શક્ય બનતુ નથી.'

અને એટલે જ એમણે એ સ્થિતિને સ્વીકારીને ઘર અને ઓફિસ વચ્ચેના સંતુલન માટે પોતાના સ્થિતિ-સંજોગ પ્રમાણે પોતાના આગવા ઉપાયો પ્રયોજવાના રહે છે. એ જાણે પોતાની જે-તે વખતની 'પ્રાયોરિટી'ને પ્રાધાન્ય આપીને સંતુલન શોધવું પડશે, જેમ આપણે વાહન-ચાલક 'ગિયર સિસ્ટેમ'ને ઉપયોગ કરે છે તેમ.'

પોતાના વર્ષોના અનુભવના નિચોડ રૂપે, અનેક સત્ય ઘટનાઓના દાખલાઓ આપીને, સરળ અને છતાં સચોટ ભાષાનો વિનિયોગ કરીને ડૉ. દિપ્તી જોશીએ કામકાજી મહિલાઓના જીવનમાં સુખ-સંતુલન કેવી રીતે સાધવું તેનું માનસશાસ્ત્રના સિદ્ધાંતોના આધારે અને જરૂર પ્રમાણે એમાં હળવી શૈલિનો પણ પ્રયોગ કરીને ખુબ સુંદર, રોચક રીતે ગણપત યુનિવર્સિટીની મહિલા-અધ્યાપિકાએ અને વહિવટી કામકાજ સંભાળતી દોઢસો જેટલી બહેનોને સમજાવ્યું હતું.

ટાઈમ મેનેજમેન્ટ, ગુસ્સો-ઉશ્કેરાટ, બાળઉછેર, કુટુંબના સૌ સભ્યો સાથેના અને કાર્યસ્થળે સાથીઓ સાથેના સંબંધોમાં ઉભા થતા પ્રશ્નો વગેરે અનેક પાસાંઓની વિગતે ચર્ચા કરી કામકાજી મહિલાઓના જીવનમાં સુખ-સંતુલન સાધવા માટે આઠ વિવિધ મુદ્દાઓને તારવી બતાવ્યા હતા. જેમાં ફેમિલી-પેરેન્ટિંગ, પર્સનલ ડેવલપમેન્ટ, ધાર્મિક-આધ્યાત્મિક જાગૃતિ, ફન-એન્જોયમેન્ટ, અંગત અને સામાજિક સંબંધો, સ્વાસ્થ્ય, નાણાંકીય બાબતો, કારકિર્દી-વ્યવસાય જેવાં મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો.

બાયોમેડિકલ વિષયના આસિ. પ્રો. શ્રીમતી રક્ષાબેને સમગ્ર કાર્યક્રમનું સંયોજન સંભાળ્યું હતું. તો મેનેજમેન્ટ ફેકલ્ટીના એક અગ્રણી આસિ. પ્રો. શ્રીમતી મૌરવીબેન વસાવડાએ મહેમાન વકતાનું સ્વાગત અને અંતે આભારવિધિ કરી હતી.




જ્ઞાન સરોવર, ધાર્મિક પ્રભાગ દ્વારા આયોજિત પરમાત્મ જ્ઞાન દ્વારા સુખ-શાંતિ સંમેલનનું ઉદ્ઘાટન શીતલજી મહારાજ, સુશ્રી હેતલદીદી, બ્રહ્માકુમારી મનોરમાબહેન, શ્રી શ્રી ૧૦૮ આચાર્ય અરવિંદ મુબી પટિયાલા, બ્રહ્માકુમારી બ્રજમોહનભાઈ, ડૉ. નિર્મલાદીદી, ડૉ. અમરીશ ચેતન, ભ્રાતા રામનાથભાઈ, ભિખ્ખુ વિશૂદાનંદ અને બ્રહ્માકુમાર નારાયણભાઈના હસ્તે કરવામાં આવ્યું છે.